




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ બીજ શુક્રવાર ૩૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# 1 અને 2 ઓગસ્ટે વરસાદનું રેડ એલર્ટ

**છત્તીસઘડ** અને વિદર્ભને અડીને ઉભા થયેલા ડીપ ડિપ્રેશનની અસરથી ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ

**સિઝનનો** વરસાદ 55.40 ટકા પહોંચ્યો; દક્ષિણ ગુજરાતમાં 78.74 ટકા વરસાદ, નવસારી-વલસાડમાં સામાન્ય વરસાદ લગભગ પૂર્ણ, કચ્છ-દેવભૂમિ દ્વારકામાં હજુ ખાધ



**ગાંધીનગર :** છત્તીસગઢ અને વિદર્ભને અડીને સક્રિય રહેલા ડીપ ડિપ્રેશનની અસરને પગલે ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનો વધુ એક જોરદાર રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે. હવામાન વિભાગે 31 જુલાઈથી 6 ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓ માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યા છે. ખાસ કરીને 1 અને 2 ઓગસ્ટે દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ-મધ્ય છત્તીસગઢ ઉપર સક્રિય ડીપ ડિપ્રેશન ધીમે ધીમે નબળું પડશે, પરંતુ તેની અસર હેઠળ મોન્સૂન ટ્રફ, મધ્ય ભારત ઉપરનો ઈસ્ટ-વેસ્ટ શિયર ઝોન અને દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધીનો ઓફશોર ટ્રફ સક્રિય હોવાથી ગુજરાતમાં ભેજયુક્ત પવનોનું જોર વધશે. તેના પરિણામે આગામી ચારથી પાંચ દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વ્યાપક વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે.

આવતીકાલે તા.31 જુલાઈએ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને ભરૂચ જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 2 ઓગસ્ટે અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ફરી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારબાદ 3 ઓગસ્ટે પણ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે, જ્યારે 4 ઓગસ્ટથી વરસાદની તીવ્રતા ધીમે ધીમે ઘટવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 5 અને 6 ઓગસ્ટે દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદનું પ્રમાણ ઘટી શકે છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન સરેરાશ 50 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જ્યારે આજે સાંજે 6 વાગ્યા સુધીમાં 27 તાલુકાઓમાં વરસાદ થયો હતો. આજે વલસાડ જિલ્લાના કપરાડામાં આશરે એક ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે અન્ય તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. છેલ્લા 24 કલાકમાં દાહોદ જિલ્લાના સંજેલીમાં સૌથી વધુ 1.38 ઈંચ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગે નીચાણવાળા

...અનુસંધાન પાના 15 પર

### 1 ઓગસ્ટની આગાહી

1 ઓગસ્ટે રાજ્યમાં વરસાદની સૌથી ગંભીર સ્થિતિ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે નર્મદા જિલ્લામાં અપવાદરૂપ અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ ઉપરાંત દમણ અને દાદરા-નગર હવેલીમાં પણ અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, રાજકોટ અને અમરેલી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

### 2 ઓગસ્ટનું એલર્ટ

2 ઓગસ્ટે પણ વરસાદનું જોર યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ફરી રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વ્યાપક હળવાથી મધ્યમ વરસાદ સાથે અનેક સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અને નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

## નેપાળમાં વકરેલી કોમી હિંસા: 3નાં મોત, અનેક શહેરોમાં કર્ફ્યુ



**ભારતની** સરહદ નજીકના સુન્સરી જિલ્લામાંથી શરૂ થયેલી કોમી હિંસા દેશના અન્ય ભાગોમાં પણ ફેલાઇ

**ડઝનબંધ** લોકોને ઇજા થઇ, સંવેદનશીલ વિસ્તારોમાં લશ્કર તૈનાત કરવામાં આવ્યું

**કાઠમંડુ, તા. 30:** નેપાળના સુન્સરી જિલ્લામાં ભડકેલી કોમી હિંસા દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ ફેલાઈ ગઈ છે. શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સત્તાવાળાઓએ અનેક શહેરોમાં કરફ્યુ લાદી દીધો છે અને સેનાને તૈનાત કરી છે. ચાર દિવસથી ચાલી રહેલી આ હિંસામાં ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. નેપાળના સુન્સરી જિલ્લામાં કાવડ યાત્રા દરમિયાન મોટા અવાજે ડીજે વગાડવા બાબતે રવિવારે શરૂ થયેલો વિવાદ હિંસક બન્યો છે. ભારતીય સરહદને અડીને આવેલા સુન્સરી અને સિરાહા જિલ્લાના ઘણા વિસ્તારોમાં કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

રવિવારે કાવડિયાઓ કોસી બેરેજથી જળ લઈને આવી રહ્યા હતા. આ દરમિયાન ડીજે અને લાઉડસ્પીકરના મોટા અવાજ સામે બીજા સમુદાયે વિરોધ નોંધાવ્યો હતો. સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલી બાબત હિંસક અથડામણમાં પરિણમી હતી. આ હિંસા ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં સુન્સરીના દેવનગંજ વિસ્તારમાં બે સમુદાયો વચ્ચેની અથડામણ બાદ શરૂ થઈ હતી,

...અનુસંધાન પાના 15 પર




### સોશિયલ મીડિયા ફેક ન્યૂઝ સામે સંસદીય સમિતિની ભલામણ

કોકરોચ જનતા પાર્ટી દ્વારા આયોજિત યુવા વિરોધ પ્રદર્શનો સોશિયલ મીડિયા અને કન્ટેન્ટ ક્રિએટર્સ દ્વારા સતત ચાલુ રાખવામાં આવ્યા અને તેને હવા આપવામાં આવી, તે બાબતે ભાજપના ઉચ્ચ સ્તરના વ્યૂહરચનાકારોને ચિંતામાં મૂકી દીધા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના નજીકના અને રક્ષણ ધરાવતા હોવા છતાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા સુધી પહોંચેલી ઘટનાઓથી સ્તબ્ધ બનેલા નેતાઓમાં હવે ૩૧ સભ્યોની સંસદીય સમિતિના ભવિષ્ય અંગે પ્રશ્નો ઊઠી રહ્યા છે. આ સમિતિએ સોશિયલ મીડિયા કન્ટેન્ટના નામે ફેલાવવામાં આવતા 'ફેક ન્યૂઝ' સામે સખત કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી.

સંચાર અને માહિતી ટેક્નોલોજી અંગેની સંસદીય સ્થાયી સમિતિ (૨૦૨૪-૨૫)ની રચના ગયા વર્ષના ડિસેમ્બરમાં કરવામાં આવી હતી અને તેને આ મામલાની તપાસ કરીને ભલામણો સોંપવાની હતી. સમિતિએ 'ફેક ન્યૂઝ અને ભ્રામક માહિતીના મોટા પાયે

...અનુસંધાન પાના 15 પર

## E20 પેટ્રોલને કારણે માઈલેજ ૨થી ૬ ટકા ઘટી શકે છે: ગડકરી

**આ ઘટાડો** વાહનની શ્રેણી અને તેના ઉત્પાદન વર્ષ પર આધાર રાખે છે: પરિવહન મંત્રીએ સંસદમાં માહિતી આપી

**આ ઈંધણના** કારણે એન્જિન ફેઇલ ગયું હોય તેવો કોઇ કિસ્સો સામે આવ્યો નથી



**નવી દિલ્હી, તા. 30 (PTI):** ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ(E20)ના કારણે ફ્યુઅલ ઈકોનોમીમાં ૨ થી ૬ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે, જે બાબત વાહનની શ્રેણી અને તેના ઉત્પાદનના વર્ષ પર આધાર રાખે છે તેમ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નિતિન ગડકરીએ ગુરુવારે સંસદમાં માહિતી આપી હતી.

જો કે, કેન્દ્રીય મંત્રીએ દલીલ કરી હતી કે ડાયનેમોમીટર પર એન્જિનની મજબૂતાઈના પરીક્ષણો અને રોડ પર વાહનના પરીક્ષણોમાં E20ના કારણે એન્જિન ફેલ ગયું હોય તેવો કોઈ કિસ્સો સામે આવ્યો નથી. લોકસભામાં એક લેખિત જવાબમાં ગડકરીએ જણાવ્યું હતું કે, E10 બળતણની સરખામણીમાં E20 બળતણ સારું પિક-અપ, બહેતર રાઈડ ક્વોલિટી અને આશરે ૩૦ ટકા ઓછું કાર્બન ઉત્સર્જન આપે છે. ગડકરીએ કહ્યું કે BS-III, BS-

...અનુસંધાન પાના 15 પર

## વિદ્યાર્થીઓ પર બળપ્રયોગનો આદેશ અમિત શાહે જ આપ્યો હશે: અભિજીત દીપકે

**કેન્દ્રીય** ગૃહ મંત્રીના રાજીનામાની રાહુલ ગાંધીને માગને CJP નેતાએ ટેકો આપ્યો

**આંદોલન** પછી ઘરે પહોંચેલા દીપકેએ વિગતવાર નિવેદન આપ્યું, પ્રહલાદ જોષીની પણ ટીકા કરી

**છત્રપતિ સંભાજીનગર, તા. 30 (PTI):** કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ ગુરુવારે દાવો કર્યો હતો કે ૨૦ જુલાઈની સંસદ ચલો માર્ચ દરમિયાન વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગ કરવાના આદેશો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તરફથી જ આવ્યા હોવા જોઈએ. આ સાથે જ તેમણે દિલ્હી પોલીસની કાર્યવાહી મુદ્દે તેમના રાજીનામાની માંગ કરી હતી.

પોતાના હોમટાઉન મધ્ય મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં પોતાના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે દેશમાં લોકશાહી "ખતરામાં" છે અને ન્યાયતંત્ર પર પણ સવાલો ઉઠી રહ્યા છે, જ્યારે રાજકીય પક્ષોને તોડવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. NEET પરીક્ષાના પેપર લીક અંગે નવી દિલ્હીના જંતર-મંતર ખાતે CJP ના નેતૃત્વમાં એક મહિનાથી વધુ સમય ચાલેલા

...અનુસંધાન પાના 15 પર

### દિલ્હી પોલીસ પોતે પથ્થરોથી ભરેલી ટ્રક લાવી હોવાનો દીપકેનો ગંભીર આક્ષેપ

દીપકેએ આક્ષેપ કર્યો હતો કે દિલ્હી પોલીસ આંદોલન સ્થળ (જંતર મંતર) નજીક પથ્થરોથી ભરેલા ટ્રક લાવ્યા હતા અને બાદમાં ખોટો દાવો કર્યો હતો કે તે કોઈ બાંધકામ સાઇટનો કાટમાળ હતો. તેમણે આક્ષેપ કર્યો, "૧૯ જુલાઈ અને ૨૦ જુલાઈની વહેલી સવારે લગભગ ૫:૩૦ વાગ્યે દિલ્હી પોલીસ દ્વારા પથ્થરોથી ભરેલા ટ્રક લાવવામાં આવ્યા હતા. મેં તે વ્યક્તિગત રીતે જોયું છે. એક ક્ષતિગ્રસ્ત વાન પણ લાવવામાં આવી હતી અને ત્યાં પાર્ક કરવામાં આવી હતી. મેં પોલીસને આ અંગે પૂછ્યું હતું અને તેના પર સવાલ ઉઠાવતી એક X પોસ્ટ પણ કરી હતી. આંદોલનકારી વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો તેવું દર્શાવવા માટે પોલીસ દ્વારા આ એક યોજનાનો ભાગ હતો. હું આ અંગે ડીસીપીને પણ મળ્યો હતો અને મને કહેવામાં આવ્યું હતું કે ટ્રકમાં બાંધકામ સાઇટનો કાટમાળ હતો. આ બધું ભાજપના ગુંડાઓ અને દિલ્હી પોલીસની યોજનાનો એક ભાગ હોઈ શકે છે.

## વર્તમાન માર્ગદર્શિકામાં છૂટ હોવાથી પેલેટ ગન પર પ્રતિબંધ મૂકી શકાય નહીં: સુપ્રીમ

**એક** નિવૃત IPS અધિકારી અને બે પીડિતોએ કરેલી અરજીની સુપ્રીમ કોર્ટ સુનાવણી હાથ ધરી

**જો** કે કહ્યું કે આ અરજી અસ્પષ્ટ છે અને સ્પષ્ટતાપૂર્ણ રીતે અરજી કરવા સલાહ આપી

**નવી દિલ્હી, 30 (PTI):** સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે જ્યાં સુધી હાલની એડવાઈઝરી સુરક્ષા એજન્સીઓને અસાધારણ સંજોગોમાં ભીડ નિયંત્રણ માટે પેલેટ ગનના ઉપયોગની મંજૂરી આપે છે, ત્યાં સુધી તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી શકાય નહીં. આ સાથે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ચોક્કસ ગેરઉપયોગના આરોપોની તપાસ કેસ-બાય-કેસ ધોરણે કરી શકાય છે.

સર્વોચ્ચ અદાલતે દિલ્હીમાં NEET પેપર લીક સામે વિદ્યાર્થીઓના તાજેતરના વિરોધ પ્રદર્શન દરમિયાન મેટાલિક પેલેટ ગનના ઉપયોગ અંગેની અરજી પર સુનાવણી શરૂ કરી હતી. બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ(BPRD)ની એડવાઈઝરી અનુસાર પોલીસને અસાધારણ સંજોગોમાં પેલેટ ગનનો ઉપયોગ કરવાનો અધિકાર છે તેવી નોંધ લેતા, ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે આ પ્રકારના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ માંગતી અરજીની માંગણીને "અસ્પષ્ટ" ગણાવી હતી. જસ્ટિસ બાગચીએ કહ્યું, "અરજીમાં પેલેટ ગનનો ઉપયોગ ન કરવાની માંગ કરવામાં આવી છે. અસાધારણ કિસ્સાઓમાં, પોલીસ નિયમો પેલેટ ગનના ઉપયોગની મંજૂરી આપે છે. જો તમે પેલેટ ગનનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવા માંગતા હો, તો તમારે તે ચોક્કસ જોગવાઈને અનુચ્છેદ 21(જીવવાનો અધિકાર)ના ઉલ્લંઘન તરીકે પડકારવી પડશે.

બેન્ચે અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વ્રિંદા ગ્રોવરની રજૂઆતોની નોંધ લીધી હતી અને દિલ્હી સરકારને 20 જુલાઈના રોજ વિરોધ પ્રદર્શન દરમિયાન પેલેટ ગનની ઈજાઓ પામેલા પ્રશાંત કુમાર, શેખ ઈરશાદ મન્સૂરી અને અન્ય લોકોને શ્રેષ્ઠ સારવાર આપવા જણાવ્યું હતું. પૂર્વ કેન્દ્રીય માહિતી કમિશનર અને નિવૃત્ત IPS અધિકારી યશોવર્ધન આઝાદ અને બે પીડિતોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને હાથ ધરવા માટે મેટાલિક પેલેટ ગનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધની માંગ સાથે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. બેન્ચે આઝાદ અને બે પીડિતોની અરજી પર કેન્દ્ર સરકાર અને RAFના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસને નોટિસ પાઠવી હતી.

શરૂઆતમાં જસ્ટિસ બાગચીએ

...અનુસંધાન પાના 15 પર

### પેલેટ ગન શું છે?

પેલેટ ગન, જેને ઘણીવાર "ઓછા ઘાતક" શસ્ત્ર તરીકે વર્ણવવામાં આવે છે, પરંતુ તે મોટા વિસ્તારમાં સેંકડો છરા છોડે છે, જેનાથી ચોક્કસ નિશાન બનાવવું અશક્ય બને છે અને આંખો તેમજ અન્ય મહત્વપૂર્ણ અંગોને ગંભીર ઈજા થવાનું મોટું જોખમ રહે છે. કાશ્મીર સહિતના આતંકવાદ ગ્રસ્ત વિસ્તારોમાં ઘણી વાર આ ગનનો ઉપયોગય થયો છે અને તે વિવાદનું કારણ રહી છે. સામાન્ય બંદૂક કે રાઇફલમાંથી એક રાઉન્ડ ગોળીબારમાં એક ગોળી છૂટે છે જ્યારે પેલેટ ગનમાંથી એક રાઉન્ડ ગોળીબારમાં નાની નાની અનેક ગોળીઓ છૂટીને ચોતરફ ફેલાય છે. પેલેટ ગન બે પ્રકારની હોય છે - મેટલ પેલેટ ગન અને પ્લાસ્ટિક પેલેટ ગન. આમાં મેટલ પેલેટ ગન ઘાતક હોય છે અને તેમના ઉપયોગથી અનેક લોકોએ આંખ ગુમાવી હોવાના પણ કિસ્સા બન્યા છે.



તા. ૩૧-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| વરસાદ (૧૮.00 કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૪૧૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૨.૨ સે. | ૨૭.૬ સે. | ૭૪% |


